



માડી તમે આવો તો રમઝટ જમાવીએ...તાલ, સુર અને શબ્દને ગરબામાં ઢાળીએ.. પ્રથમ નોરતે કલ્ચરલ ફોરમમાં ખૈલેયાઓ આવી જ ભકિત વંદના સાથે ગરબામાં જોડાયા હતા.ગાંધીનગર કલ્ચરલ ફૌરમ આયોજિત નવરાત્રિ મહોત્સવના પ્રથમ દિવસે સે-૧૧ સ્થિત રામકથા મેદાનમાં ગરબાની રંગત જામી હતી. પ્રથમ નોરતે માતાજીની આરતીમાં સમદર્શન આશ્રમના પુ ગુરુમા, મેયર રીટાબેન પટેલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, કૈલાસદીદીએ માતાજીની દિવ્ય જયોતના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પ્રથમ નોરતે ખૈલેયાઓ વરસાદી વાયરા વચ્ચે મનભરીને ગરબે ઘુમ્યા હતા. લહેરાતી ધજાના થીમથી સુશોભિત કલ્ચરલ ફોરમના ગરબા મેદાનમાં ગરબા પ્રેમીઓની ભીડ જામી હતી. અંબાજીથી આવેલી માં જગદંબાની દિવ્ય જયોતના સ્થાપનના દર્શન કરી ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. ગરબે ઘુમનારા ખૈલેયાઓ પહેલા નોરતાથી જ અવનવા ટ્રેડિશ્નલ વસ્ત્રોમાં સજજ થઈને ગરબે ઘુમતા નજરે પડયા હતા. દિવસ દરમિયાન વરસાદી ઝાપટાના લીધે ગરબા મેદનમાં ભરાયેલા વરસાદી પાણી ઉલેચીને ખૈલેયાઆના ગરબા મેદાનને તૈયાર કરી દીધુ હતુ. આખરે નવરાત પર્વની મંગલ શરૂઆત વરસાદી માહોલમાં પણ ભવ્ય રીતે થતા ગરબા મહોત્સવના આયોજકો અને ખૈલેયાઓમાં ખુશીની લહેર વ્યાપી હતી.

# અંબાજી ત્રિશુળીયા ઘાટ નજીક ગમખ્વાર અકસ્માત : ૨૧ના મોત

## ડ્રાઇવરે ઘાટ નજીક કાબૂ ગુમાવતા દુર્ઘટના : અંબાજી દર્શન કરી પરત ફરતી વેળા દુર્ઘટના થઇ : મોદી તેમજ અમિત શાહે અકસ્માત અંગે દુખ વ્યક્ત કર્યુ





બનાસકાંઠા જિલ્લાના અંબાજીના ત્રિશુલિયા ઘાટ નજીક આજે વરસતા વરસાદ વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો હતો જેમાં ૨૧થી વધુ શ્રદ્ધાળુઓના મોત થઈ ગયા હતા અને ૩૫થી વધુ શ્રદ્ધાળુઓ ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા શ્રદ્ધાળુઓ પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી રહીછે જેથી હજુ પણ મોતનો આંકડો વધી શકે છે. દુર્ઘટનાનો શિકાર થયેલા લોકો નવરાત્રિના પ્રસંગ પર વિશ્વ પ્રસિદ્ધ અંબાજી મંદિરમાં દર્શન કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે આ ભીષણ દુર્ઘટના થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અકસ્માત અંગે દુખ વ્યક્ત કર્યુ છે. સાથે સાથે શોકમાં રહેલા પરિવાર પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરીને તમામ મદદ કરવાની વાત કરી છે. ઘાયલ થયેલા લોકો પૈકી તમામને પુરતી સારવાર મળે તેવી સૂચના પણ જારી કરવામાં આવી છે. સ્થાનિક લોકોના કહેવા મુજબ આ દુર્ઘટના સાંજે ચાર વાગ્યાની આસપાસ થઈ હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જિલ્લા કલેક્ટર સાથે વાતચીત કરીને ઘાયલોને તમામ પ્રકારની સુવિધા અને પુરતી સારવાર આપવાની વાત કરી છે. ભીષણ માર્ગ દુર્ઘટના અંગે માહિતી મળ્યા બાદ બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્રના તમામ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ ઉપરાંત પોલીસ અને એનડીઆરએફની ટુકડીઓ પણ ઘટનાસ્થળે પહોંચીને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવાની વાત કરી હતી. અંબાજીથી દાતા વચ્ચેના હાઈવે પર અકસ્માત થયો હતો. એક ખાનગી ટ્રાવેલ્સની લકઝરી બસે વળાંકમાં ફુલસ્પીડના કારણે સ્લીપ થવાની પલ્ટી ખાતાં જોરદાર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. લકઝરી બસ એટલી હદે પલ્ટી ખાધી હતી કે, આટલી મોટી આખી લકઝરી બસ ઉંધી થઈ ગઈ હતી, લકઝરી બસ પલ્ટી ખાતી વખતે તેણે એક ટ્રક અને જીપને હડફેટે લીધા હતા અને આમ બહુ વિચિત્ર પ્રકારે ગમખ્વારનો અકસ્માત સર્જાયો હતો. ચકચારભર્યા આ અકસ્માતમાં ૨૧ લોકોના મોત થઈ ગયા હતા. ભોગ બનેલાઓમાં મોટાભાગના લોકો આણંદ, બોરસદ, આંકલાવના હોવાની વિગતો સામે આવી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, બનાસકાંઠા જિલ્લામાં આજે ધોધમાર વરસાદ વરસી રહ્યો હતો તે દરમ્યાન આજે બપોરે અંબાજીના ત્રિશુલિયા ઘાટ નજીક પૂરપાટ ઝડપે આવી રહેલી ખાનગી ટ્રાવેલ્સ કંપનીની લકઝરી બસ વળાંકમાં અચાનક જ પલ્ટી ખાઈ ગઈ હતી અને ટ્રક તથા એક જીપને હડફેટે લેતાં જોરદાર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બસ અંબાજીથી દાંતા તરફ આવી રહી હતી તે દરમ્યાન આ અકસ્માત સર્જાયો હતો. લકઝરી બસમાં ૬૦થી વધુ મુસાફરો બસમાં સવાર હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની પાલનપુર રેફરલ હોસ્પિટલ સહિતની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જિલ્લા પોલીસ અધિક્ષક સહિત પોલીસનો કાફલો પણ તાત્કાલિક ત્યાં દોડી ગયો હતો. બસ, ટ્રક અને જીપ વચ્ચે ટ્રિપલ અકસ્માતને લઈ સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગયો હતો. અકસ્માતમાં ૨૨થી વધુ લોકોને ઈજા પહોંચી હતી. અકસ્માતમાં એકસાથે દસથી વધુ લોકોના મોતને લઈ સમગ્ર પંથકમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરી ગઈ હતી. અકસ્માતને પગલે સમગ્ર હાઈવે પર ટ્રાફિક ચક્કાજામના દ્રશ્યો સર્જાયા હતા. ઘટનાસ્થળે ૧૦૮ એમ્બ્યુલન્સનો કાફલો પણ પહોંચ્યો હતો. અકસ્માતના સંદર્ભમાં વધુ માહિતી એકત્રિત કરાઈ રહી છે. અકસ્માતના કારણે આઘાતનું મોજુ નવરાત્રિ પર્વ પર ફેલાઈ ગયું છે. અકસ્માતમાં મૃત્યુ પામેલાઓમાં પ્રાથમિક માહિતી મુજબ બે મહિલા, ચાર બાળકોનો સમાવેશ થાય છે. જીજે-૦૧-૯૫૯૭ નીતા ટ્રાવેલ્સની બસમાં તમામ લોકો મુસાફરી કરી રહ્યા હતા.

## પવન ફૂંકાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રોજબરોજ છુટાછવાયા વરસાદ સાથે ક્યારેક હળવા ભારે ઝાપટા પણ વરસતા રહે છે. જેના લીધે શહેરમાં આસોની અજવાળી રાતમાં પણ અષાઢી માહોલ જોવા મળી રહ્યો છે. એકબાજુ નવરાત્રિ પર્વની ઉજવણી શરૂ થઈ ગઈ છે. પરંતુ વરસાદી વાયરા વચ્ચે ગરબા મહોત્સવના આયોજકો માટે પણ મોટો શિરદર્દ ઉભો થયો છે. ત્યારે વરસાદ અટકાવાનુ નામ લેતો નથી. આજે પણ દિવસ દરમિયાન આકાશમં સતત વરાસાદી વાદળો યથાવત જોવા મળ્યા હતા. એટલુ જ નહીં પરંતુ ગઈકાલે મોડીરાતથી આજે સાંજ સુધીમાં હળવા ભારે વરસાદી ઝાપટા વરસતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. જેના લીધે નગરમાં ભીંજારાનો માહોલ યથાવત રહ્યો હતો. સવારના સમયે આકાશમાં સુરજદાદાએ દર્શન આપતા તડકો નિકળ્યો હતો. પરંતુ થોડીવારમાં જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. અને રોજની જેમ મેઘરાજાની સવારી આવી પહોંચી હતી. ગઈકાલે રાત્રિના ૩:૩૦ કલાકથી સવારે ૭ : ૩૦ કલાક દરમિયાન ૨૨ મી મી વરસાદ નોંધાયો હતો. જયારે આજે દિવસ દરમિયાન સવારે ૮ થી સાંજે ૫ :૩૦ કલાક દરમિયાન ૧૬.૫ મી મી વરસાદ થયો હતો. અલબત્ત દિવસના અંતે ૩૯ મી મી વરસાદ થયો હતો. જેના લીધે સેકટરોમાં નજર નાંખો ત્યાં વરસાદી પાણી ઉભરાતા નજરે પડયા હતા. સેકટરવાસીઓ વરસાદી સમસ્યાથી ત્રાહીમાંમ પોકારી ગયા છે.સતત વરસાદના લીધે જનજીવન પર વિપરિત અસર વર્તાઈ રહી છે. તહેવારના મોસમમાં વરસાદ નગરજનોના આંખમાં ખુંચે છે.જયારે પાછોતરો વરસાદ બંધ થવાનુ નામ ન લેતા ખેડુતોમાં પણ પાકને અનુલક્ષીને ચિંતા પ્રવર્તી છે. ગાંધીનગર શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૩૪ ઈંચ વરસાદ નોંધાયો છે.

## રમઝટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાણી ઉભરાયા હતા. કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં પણ સોમવારે ગરબા બંધ રહ્યા હતા. શહેરમાં નવરાત પુર્વેથી મેઘરાજા મેદાનમાં ઉતર્યા છે. જેના લીધે હાલ પણ રોજબરોજ વરસાદના હળવા ભારે ઝાપટા વરસી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે ગરબા મેદાનમાં પણ નજર નાંખો ત્યાં વરસાદી પાણી ફરી વળ્યા છે. જેના લીધે નવરાત્રિ મહોત્સવ પણ પ્રભાવિત છે. સેકટરોમાં યોજાતા શેરી ગરબાના મેદાનમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે ઠેર ઠેર કાદવ કિચ્ચડ જોવા મળી રહ્યો છે. આવા સંજોગોમાં ગરબાનુ આયોજન કરવાનુ પણ આયોજકો માટે પણ મુશ્કેલ બન્યુ છે. પ્રથમ નોરતે કેટલાક ઠેકાણે ગરબા બંધ રાખવામાં આવ્યા હતા જયારે આજે પણ ભારે વરસાદના લીધે મેદાનમાં પાણી ભરાઈ ગયા હોવાથી ગરબા બંધ રાખવાની આયોજકોને ફરજ પડી હતી. નવરાત્રિ મહોત્સવના પ્રારંભથી વાતાવરણમાં વરસાદી વાદળોનુ સામ્રાજય રહેતા ગરબા પ્રેમીઓમાં પણ નારાજગી વ્યાપી છે. સેકટરોમાં દોઢ ઈંચ વરસાદના લીધે વરસાદી પાણી ફરી વળ્યા છે.મહા મહેનતે તૈયાર કરેલા ગરબા મેદાનમાં વરસાદી પાણીનો ભરાવો થતા આયોજકો અને ગરબા પ્રેમીઓ વ્યથિત છે. વરસાદ રોજ હાજરી પુરાવતા પાણી દુર કરી મેદાનને તૈયાર કરવાનુ પણ આયોજકો માટે મુશ્કેલ બન્યુ છે. ગઈકાલે મોડી રાતથી આજે દિવસ દરમિયાન વરસાદી ઝાપટા યથાવત રહેતા ગરબા મેદાનમાં ઠેર ઠેર કાદવ કિચ્ચડ અને ગંદકી જોવા મળી હતી. જયારે સંસ્થાકીય ગરબા મહોત્સવના મેદાનમાં પણ વરસાદી પાણીનો ભરાવો થતા સોમવારે ગરબા બંધ રહ્યા હતા. ગરબા મેદાનની બહારના પાર્કીંગમાં પણ વરસાદી પાણી ઉભરાતુ નજરે પડયુ હતુ. જયારે વરસાદી વાયરા અને સતત ટપકતા પાણી વચ્ચે શોટ સર્કીટનો પણ ખતરો હોવાથી ગરબા મહોત્સવના આયોજકોએ આજે ગરબા બંધ રાખવાનો પણ નિર્ણય લીધો હતો. મોટાભાગના સેકટરોમાં પણ આરતી કરી ગરબા બંધ રાખવામાં આવ્યા હતા.

## નંબર પ્લેટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉઠવા પામે છે. જયારે આર ટી ઓ કચેરીમાં અવારનવાર સર્વર ડાઉન થવાના લીધે અરજદારોના કામ અટવાય છે. આર ટી ઓ કચેરીનો વહીવટ પણ આ સ્થિતિ વચ્ચે ઠપ્પ થઈ જાય છે. ટ્રાફિકના કડક નિયમનના અમલ માટે સરકારે જાહેર કરેલી નવી દંડ નીતનો આગામી તા ૧૫ ઓકટોબરથી અમલ થવાનો છે. ત્યારે વાહનચાલકો પણ નવા નિયમનના અમલ માટે સજજ બની રહ્યા છે. બીજીતરફ શહેર જિલ્લામાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ વગરના વાહનોની સંખ્યા પણ વિશેષ છે. અનેકવાર નંબર પ્લેટ માટે કેમ્પનુ પણ આયોજન કરાયુ છે. આમછતા હજુ પણ હાઈસિક્યુરીટી નંબર પ્લેટ વગરના વાહનોની સંખ્યા વિશેષ છે. આર ટી ઓ કચેરી પાસે અંદાજિત ૨૫ હજાર જેટલી નંબર પ્લટો પેન્ડીંગ છે. વર્ષ ૨૦૧૧ થી વાહનો માટે તૈયાર કરાયેલી નંબર પ્લેટ હજુ સુધી વાહનચાલકો ફીટ કરાવવા માટે આવ્યા નથી. જેના લીધે આ નંબર પ્લેટ આર ટી ઓ કચેરીમાં હાલ પેન્ડીંગ છે. આ નંબર પ્લેટ બની ગઈ છે. પરંતુ હજુ સુધી વાહનોમાં લગાવવામાં આવી નથી. આર ટી ઓ કચેરી દ્વારા વાહનોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ તૈયાર કરવા માટે તાલુકા કક્ષાએ પણ અનેકવાર કેમ્પનુ આયોજન કરાયુ છે. આમછતા વાહનચાલકો હાઈસિક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરાવવા માટે નિરસતા દાખવી રહ્યા છે. હાઈસિક્યુરીટી નંબર પ્લેટ માટે સરકારે મુદત લંબાવી છે. ત્યારે શહેર જિલ્લામાં બાકી રહેતા વાહનોને અનુલક્ષી આર ટી ઓ કચેરી દ્વારા અસરકારક પગલા લેવાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

## ઝુંબેશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાગરિક અરજી કરશે તો આર ટી ઓ તંત્ર ૪૦ થી વધુ વાહનો હોય તેવા કિસ્સામાં વાહનચાલકોએ ફી તેમજ આર સી બુકના આધારે નંબર પ્લેટ તૈયાર કરી વાહનોમાં લગાવી આપશે. આ ઝુંબેશના અંતે વાહનોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ તૈયાર કરી લગાવી પણ આપવામાં આવશે.

# ૨૫ આઈ.પી.એસ. અધિકારીની બદલી

ગુજરાતમાં ૨૫ આઈપીએસ અધિકારીઓની બદલીના આદેશ આજે જારી કરવામાં આવ્યા હતા. સુરતના સીપી તરીકે આરબી બ્રહ્મભટ્ટની નિમણૂંક કરવામાં આવી છે જ્યારે અજય તોમરની સીઆઈડી ક્રાઈમમાંથી અમદાવાદ ક્રાઈમના સ્પેશિયલ સીપી તરીકે બદલી કરવામાં આવી છે જ્યારે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં શમશેરસિંહની એડીજી તરીકે બદલી કરવામાં આવી છે. આવી જ રીતે મનોજ શશીધરની પંચમહાલના એડીજીપીમાંથી ગાંધીનગરમાં ઈન્ટેલીજન્સના એડીજીપી તરીકે વરણી કરવામાં આવી છે. રાજ્યમાં ૨૫ આઈપીએસ અધિકારીઓની બદલી કરવામાં આવતા અધિકારીઓમાં આજે આને લઈને ચર્ચા રહી હતી. પેટાચૂંટણીની જાહેરાત થયા બાદ આ બદલીઓના આદેશ આજે કરવામાં આવ્યા હતા.

૧. સંજય શ્રીવાસ્તવની આર્મ યુનિટમાં બદલી
૨. અજય તોમરની સીઆઈડી ક્રાઈમમાંથી અમદાવાદ ક્રાઈમના સ્પેશિયલ સીપી તરીકે નિમણૂંક
૩. શમશેર સિંહની એડીજી તરીકે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં નિમણૂંક
૪. ડૉ. કે.એલ.એન રાવની એડીજીપી ગાંધીનગરથી એક્સ કેડરના એડીજીપી અને જેલના આઇ.જી તરીકે નિમણૂંક
૫. મનોજ શશીધરની પંચમહાલના એડીજીપીથી ગાંધીનગરમાં ઈન્ટેલીજન્સના એડીજીપી તરીકે નિમણૂંક
૬. આર.બી બ્રહ્મભટ્ટની ગાંધીનગરના એડીજીપીથી સુરતના સીપી તરીકે બઢતી સાથે બદલી
૭. ખુર્શીદ અહેમદની અમદાવાદાના જેસીપીથી રાજકોટ જેસીપી તરીકે નિમણૂંક
૮. હરિકિષ્ણ પટેલ સુરતના જેસીપીથી એક્સ કેટરના આઈજીપી ગાંધીનગર ખાતે નિમણૂંક
૯. સુભાષ ત્રિવેદી આઈજીપી જૂનાગઢથી કચ્છ બોર્ડર રેન્જના આઈજી તરીકે નિમણૂંક
૧૦. ડીબી વાઘેલા કચ્છ બોર્ડર રેન્જના આઈજીથી એસીબીના એડીશનલ ડાયરેક્ટર અમદાવાદ ખાતે નિમણૂંક
૧૧. નિપુણા એમ તોરવાણેની કરાઈ ગાંધીનગરથી જેસીપી અમદાવાદ સેક્ટર -૨ તરીકે નિમણૂંક
૧૨. મનીન્દર પ્રતાપસિંહ સીઆડીના ડીઆઈજી થી જૂનાગઢ રેજનના ડીઆઈડજી તરીકે નિમણૂંક
૧૩. એમ.એસ ભરાડાની એસીપી અમદાવાદથી ગોધરા રેન્જના ડીઆઈજીપી તરીકે નિમણૂંક
૧૪ નિલેષ જાજડિયા મહેસાણા એસપીથી વડોદરા રેલ્વેના એસપી તરીકે નિમણૂંક
૧૫. તરુણ કુમાર દુગ્ગલની વડોદરા રૂલર એસપીથી બનાસકાંઠાના એસપી તરીકે નિમણૂંક
૧૬ સરોજ કુમારી વડોદરાના ઝોન-૪ના ડીસીપીથી વડોદરા શહેરના ડીસીપી તરીકે નિમણૂંક
૧૭. સુધીર દેસાઇ સુરત શહેરના ડીસીપીથી વડોદરા ગ્રામ્યના એસપી તરીકે નિમણૂંક
૧૮. મનીષ સિંહ વડોદરા ડીસીપીથી મહેસાણાના એસપી તરીકે નિમણૂંક
૧૯. અક્ષયરાજ મેકવાન અમદાવાના ડીસીપી ઝોન-૫થી પાટણના એસપી તરીકે નિમણૂંક
૨૦. આર.ટી સુશરા વડોદરા ડીસીપી ઝોન-૨થી એસ.પી એસસીઆરબી ગાંધીનગર ખાતે બદલી
૨૧. આચલ ત્યાગી કેવડિયાના એસીપીથી વડોદરા શહેર ઝોન -૪ની ડીસીપી કરીકે બઢતી સાથે બદલી
૨૨. અજીત રજૈન થરાદના એએસપી થી અમદાવાદ શહેરના ટ્રાફિક ડીસીપી તરીકે બઢતી સાથે બદલી
૨૩. સંદિપ ચૌધરી એએસપી જામનગરથી વડોદરા ઝોન-૨ ડીસીપી તરીકે બઢતી સાથે બદલી
૨૪. પ્રશાંત સુમ્બે એસીપી ખંભાળિયાથી સુરત શહેરના ડીસીપી (ટ્રાફિક) તરીકે બઢતી સાથે બદલી
૨૫ રવિ તેજા એસીપી માંગરોળથી અમદાવાદ ઝોન -૫ના ડીસીપી તરીકે બઢતી સાથે બદલી

# ભિલોડાના રીંટોડા ગામમાંથી ૧૨ ફુટ લાંબો અજગર પકડાયો

ભિલોડા,તા.૩૦ અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના અંતરીયાળ



ડુંગરાળ વિસ્તાર પાસે આવેલ રીંટોડા ગામમાંથી ૧૨ ફુટ લાંબો અજગર નવયુવાનો ધ્વારા પકડાયો હતો. ખેડુતો,પશુ પાલકો, શ્રમજીવીઓ અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. અજગર જોવા મળ્યો હોવાની વાતો વાયુવેગે પ્રસરતા રાત્રે લોકોના ટોળેટોળા એકત્રીત થઈ ગયા હતા.

વિજયભાઈ કટારાના જણાવ્યા મુજબ રીંટોડા ગામમાં રાત્રે અજગર જોવા મળતા ખાતુભાઈ મોડીયા સહિત નવયુવાન મિત્રોએ અજગરને સલામત રીતે પકડીને કંતાનના કોથળામાં ભર્યો હતો. નવયુવાનોએ અજગરને સલામત રીતે પકડીને ભિલોડા વન વિભાગના જવાબદાર અધિકારીઓને સોંપતા અજગરને નિર્જન જંગલ વિસ્તારમાં છોડી દેવાયો હતો. રીંટોડા ગામમાં પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો.

અરવલ્લીની ગીરીમાળાઓમાં વિવિધ વિસ્તારોમાંથી દિન-પ્રતિ-દિન ઠેર-ઠેર સિમાડાઓમાંથી ચોમાસાની સિઝન દરમ્યાન ખેતરોમાંથી મહાકાય અજગરો નીકળવાનો સીલસીલો યથાવત રહેતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાઈ રહ્યો છે.

## ચિંતાનું મોજુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નીચાણવાળા હર્ષદ, ગાંધવી, દેવળીયા સહિતના ગામોના લોકોને સાબદા કરી અસરગ્રસ્તોને સલામત સ્થળે ખસેડાયા હતા. ડેમ ઓવરફ્લો થતા સતાપર ગામ સંપર્કવિહોણું બન્યું હતુ. ભારે વરસાદથી ગામડાઓ ટાપુમાં ફેરવાયા હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. યાત્રાધામ હર્ષદમાં અનેક દુકાનોમાં પાણી ઘૂસવાથી મોટુ નુકસાન પહોંચ્યું છે. હર્ષદ માતાજીના મંદિર ખાતે આવતા યાત્રાળુ દર્શન કર્યા વગર પરત ફર્યા હતા. એસટી બસને અંદર જવાની મનાઈ છે. ભાણવડ તાલુકાના સાઈદેવળીયા ગામ પાસે આવેલા વેરાળી નં. ૨ ડેમ ઓવરફ્લો થતા સાઈદેવળીયા ગામ તથા ભાણવડ ગામના લોકોને સાબદાં કરાયા હતા. બીજીબાજુ, જૂનાગઢ અને કેશોદમાં રાતથી સવાર સુધીમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. જૂનાગઢના માંગરોળમાં ફુલરાયા ગામ બેટમાં ફરવાયું હતું. તરસાલી ગામમાં પણ પૂરના પાણી ફરી વળ્યા હતા. દંધુસર ગામની ઉબેણ નદીમાં એક રિક્ષા અને બાઈક તણાતા ચાર વ્યક્તિ ફસાયા હતા.

## પાણી-પાણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્તર પર પહોંચી ગઈ છે. રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં સ્કુલો અને કોલેજોને બંધ રાખવાની ફરજ પડી રહી છે. લોકોના કમર સુધી પાણી ભરાઈ ગયા છે. બીજી બાજુ મુશ્કેલમાં મુકાયેલા લોકોને સુરક્ષિત રીતે અન્યત્ર ખસેડવાનો પ્રયાસ કરવામાં આવી રહી છે. એક બાજુ બિહારમાં ૩૦ લોકોના મોત થઈ ચુક્યા છે. ઉત્તર પ્રદેશમાં પણ હાલત કફોડી બનેલી છે. બિહાર અને ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદની ચેતવણી તંત્ર દ્વારા આપવામાં આવી હોવાના કારણે સ્કુલ અને કોલેજોને બંધ રાખવા માટેના આદેશ જારી કરવામાં આવ્યા છે. હંમેશા ભરચક રહેતા પટણાના માર્કેટમાં સન્નાટો ફેલાઈ ગયો છે. નાલંદા મેડિકલ કોલેજમાં પણ પાણી ભરાઈ ગયા છે જેથી દર્દીઓની સાથે સાથે અન્યોને પણ તકલીફ થઈ રહી છે. પટણાના લોકપ્રિય ડાક બંગલા ચાર રસ્તા પર ઘુંટણ સુધીના પાણી ભરાયા છે. અનેક વૃક્ષો અને મકાનો ધરાશાયી થવાના બનાવો બન્યા છે. બિહારમાં હજુ બે ત્રણ દિવસ સુધી સ્થિતિમાં સુધારો થશે નહીં. અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

## એરસ્ટ્રાઈક

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવશે. પાકિસ્તાની વડાપ્રધાનનું નિવેદન પણ ખુબ જ આઘાતજનક રહેલું છે. સેના પ્રમુખે કહ્યું હતું કે, અમે દરેક પડકારને પહોંચી વળવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. ભદોરિયાએ હવાઈ દળના વડાનો હોદ્દો આજે સંભાળી લીધો હતો. એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, અમે પહેલા પણ તૈયાર હતા અને હજુ પણ સંપૂર્ણપણે તૈયાર છે. કોઈપણ પડકારને પહોંચી વળવા ભારતીય હવાઈ દળ સક્ષમ છે. બાલાકોટમાં ત્રાસવાદી કેમ્પોને ફરીથી સક્રિય કરવાની રિપોર્ટને લઈને તેઓ સ્પષ્ટપણે વાત કરી હતી. પાકિસ્તાની વડાપ્રધાન ઈણરાન ખાન દ્વારા ભારત પર પરમાણુ હુમલાની ચેતવણી સાથે સંબંધિત પ્રશ્નના જવાબમાં એર ચીફ માર્શલે કહ્યું હતું કે, આ પરમાણુ પાસાઓને લઈને તેમની પોતાની સમજ છે. અમારી પોતાની સમજ જુદી છે. અમે મુલ્યાંકન કરી રહ્યા છીએ. કોઈપણ પડકાર માટે તૈયાર છીએ.